## ઉપવાસી હાર્દિક પટેલને ભાજપના સાથી શિવસેનાનું સમર્થન

અમદાવાદ,તા.૫

છેલ્લા ૧૨ દિવસથી આમરણાંત ઉપવાસ પર બેઠેલા હાર્દિક પટેલના સમર્થનમાં શિવસેના આવી છે. હાર્દિક પટેલ પાટીદાર અનામત અને ખેડૂતોના દેવા માફીના મામલે ઉપવાસ આંદોલન કરી રહ્યો છે. જેને શિવસેનાના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે પણ સપોર્ટ કરવાની જાહેરાત કરી છે.

શિવસેનાના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે એ મહારાષ્ટ્રમાં પત્રકાર પરિષદ યોજીને હાર્દિક પટેલ માટે સમર્થન જાહેર કર્યું છે. આ સાથે જ ગુજરાતના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. ઉદ્ધવ ઠાકરે કહ્યું કે મેં હાર્દિક સાથે ફોન પર વાતચીત કરી પારણાં કરી લેવાની સલાહ આપી છે. ઠાકરે કહ્યું કે હાર્દિક સાથે સરકારે ચર્ચા કરવી જોઈએ.

## થ્રી વ્હીલર મોપેડમાં દારૂની હેરાફેરી કરતો દિવ્યાંગ ઝડપાયો

ગાંધીનગર, તા. ૫

ચિલોડા પોલીસને બાતમી મળી હતી કે અમદાવાદનો એક દિવ્યાંગ વ્યક્તિ થ્રી વ્હિલર પ્લેઝર(મોપેડ)માં વિદેશી દારૂની હેરાફેરી કરે છે. મોપેડ લઈને આ શખ્સ છાલા નજીક થઈ આંતરિક માર્ગો પર થઈને ગિયોડ તરફ જઈ રહ્યો હોવાની માહિતીને આધારે ચિલોડા પોલીસની ટીમે ગિયોડ રોડ પર વોચ ગોઠવી દીધી હતી. બાતમી વાળું મોપેડ લઈને દિવ્યાંગ વ્યક્તિ ત્યાંથી નીકળ્યો ત્યારે તેને પકડીને તપાસ કરતા મોપેડની અંદરથી ૪૮ નંગ વિદેશી દારૂની બોટલ તથા ૩૬ નંગ બિયર મળી આવ્યા હતા. ચિલોડા પોલીસે રૂ.૧૧,૭૦૦ કિંમતનો દારૂ બિયર અને મોપેડ મળી કુલ રૂપિયા ૩૨ હજારની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી અસારવાનો દિવ્યાંગ શખ્સ રાધેશ્યામ કિશન માળીની ધરપકડ કરી વધુ પૂછપરછ શરૂ કરી છે.

# ૨૪ કલાકમાં ચર્ચા નહીં થાય તો હાર્દિકની જળત્યાગની ચિમકી

### આમરણાંત ઉપવાસ ઉપર બેઠેલા હાર્દિકને મનાવવા માટે પ્રયાસો શરૂ થયા : સી.કે. પટેલ સામે રોષ બાદ નવી તૈયારી

અમદાવાદ, તા.૫

હાર્દિક પટેલના અનશન ૧૨માં દિવસે પણ આજે જારી રહ્યા હતા. પાટીદાર નેતા હાર્દિકની તબિયત એકબાજુ લથડી રહી છે ત્યારે ગુજરાત સરકાર અને હાર્દિક વચ્ચે જોરદાર મડાગાંઠની સ્થિતિ સર્જાયેલી છે. હાર્દિક પટેલ તરફથી હવે અલ્ટીમેટમ પણ આપી દેવામાં આવ્યું છે. હાર્દિક પટેલના સાથી મનોજ પનારાએ કહ્યું છે કે સરકાર ખૂબ જ ઉદાસીન દેખાઈ રહી છે. અમે વાતચીત માટે તૈયાર છીએ. ખુલ્લા મનથી વાતચીત માટે તૈયાર છીએ. હાર્દિકથી તરફથી હવે અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે કે જો ૨૪ કલાકમાં વાતચીત નહીં કરે તો હાર્દિક પટલે જળ ત્યાગ કરશે. હાર્દિક પટેલ અને સરકાર વચ્ચે મડાગાંઠ દિન પ્રતિદિન જટીલ બની રહી છે. આ મડાગાંઠનો ઉકેલ લાવવાની જરૂર પણ દેખાઈ રહી છે પરંતુ હાર્દિક પટેલની તબિયત લથડી રહી છે. જુદી જુદી ચર્ચાઓ હવે જોવા મળી રહી છે. મળેલી માહિતી મુજબ આમરણાંત ઉપવાસ પર બેઠેલા હાર્દિકને મનાવવા માટે મધ્યસ્થી બનેલી પાટીદાર સંસ્થાના આગેવાન સીકે પટેલ સામે ભારે




વિરોધ થઈ ચુક્યો છે. હવે ખોડલધામના નરેશ પટેલને મધ્યસ્થી બનાવીને સરકાર સાથે વાતચીત કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. પાટીદાર તરફથી પણ હજુ સુધી હળવુ વલણ અપનાવવામાં આવી રહ્યું નથી. આવી સ્થિતિમાં મડાગાંઠ વધુ ગંભીર બની છે.

સરકાર સાથેની વાટાઘાટમાં સીકે પટેલને દુર રાખવા માટેની માંગ ઉઠી રહી છે. નરેશ પટેલને મધ્યસ્થી બનાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. પાટીદાર આંદોલન સમિતિ અને સરકાર વચ્ચે મધ્યસ્થીની વાતચીત શરૂ થયા બાદ કોઈ સમસ્યાનો નિકાલ આવે તેમ દેખાઈ રહ્યું છે. હાલમાં સરકાર અને હાર્દિક પટેલ બંને પોતપોતાના વલણ ઉપર મક્કમ દેખાઈ રહ્યા છે.

## સરકાર હિંસા જેવી ઘટનાઓને અંજામ આપી શકે છે : હાર્દિક

પાસના કન્વીનર હાર્દિક પટેલે આજે રાજય સરકાર પર હિંસા જેવી ઘટનાઓને અંજામ આપવાની તૈયારી કરતી હોવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો અને તેને લઈ સમગ્ર પાટીદાર સમાજને સાવચેત રહેવા જાહેર અપીલ કરી હતી. તેણે જણાવ્યું કે, ૧૧ દિવસના ઉપવાસમાં કોઈ હિંસા નથી થઈ, તેથી હવે આંદોલનને તોડવા અને પાટીદારોને બદનામ કરવાનો ભાજપનો ખેલ ખેલેશે પરંતુ ગુજરાતના ખેડૂતો અને યુવાનો આપણે ધીરજ રાખવી. ભાજપ કે પોલીસની સામે ઘર્ષણમાં ના ઉતરો, ગાંધીચીંધ્યા માર્ગે ચાલીને અધિકાર માંગો તેવી પણ તેણે હાકલ કરી હતી. હાર્દિક પટેલના આમરણાંત ઉપવાસનો આજે ૧૨ દિવસ છે. તેના ઉપવાસના ૧૧માં દિવસે સરકાર સફાળી જાગી હતી. ગઈકાલે મંત્રી સૌરભે પટેલે હાર્દિકને તેના સ્વાસ્થ્યની સરકાર ચિંતા કરે છે તેવું જણાવ્યું હતું.

સરકારે પાટીદાર સમાજની અગ્રણી છ સંસ્થાના આગેવાનોને મંત્રણા માટે બોલાવ્યા હતા. ઊર્જામંત્રી સૌરભ પટેલ, કૌશિક પટેલ અને પ્રદીપસિંહ જાડેજા તેમજ પાટીદાર સમાજના અગ્રણીઓ વચ્ચે અઢી કલાક સુધી ચાલેલી આ બેઠકમાં સરકારે પાટીદાર અગ્રણીઓને હાર્દિક પટેલને વહેલી તકે પારણાં કરવા માટે સમજાવવાની જવાબદારી સોંપી હતી. બીજી તરફ હાર્દિક પટેલ તરફથી એવું જણાવાયું હતું કે, સરકાર સાથે ચર્ચા કરવા ગયેલા સામાજિક આગેવાનો એ કોઈ પાસના ઓફિશિયલ પ્રતિનિધિ નથી કે તેમને સરકાર સાથે વાત કરવા મોકલાયેલા નથી. જો કોઈ ચર્ચા કરવી હોય તો સરકાર સીધી જ મારી સાથે જ ચર્ચા કરે. ઉલ્લેખનીય છે કે, પાટીદાર સમાજની છ સંસ્થાઓના અગ્રણીઓની સોલા ઉમિયાધામ ખાતે મંગળવારના રોજ બેઠક ચાલી હતી. ત્યારબાદ તેઓ સરકાર સાથે વાટાઘાટ કરવા ગાંધીનગર પહોંચ્યા હતા.



મહેસાણા નગરપાલિકા દ્વારા દબાણ હટાવો ઝુંબેશમાં શહેરની બી.કે. રોડ, પુંદરી ચોક, રંજનનો ઢાળ જગ્યાએ જેસીબી મશીન દ્વારા કડક પોલીસ બંદોબસ્ત સાથે શરૂઆત કરતાં દબાણકારોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

## કોંગ્રેસે પાટીદાર અનામતના સંદર્ભે સ્પષ્ટતા કરવી જોઈએ

હાર્દિક પટેલના ઉપવાસ આંદોલનની મુલાકાત લેનાર કોંગ્રેસના પ્રભારી રાજીવ સાતવે અનામત અંગે કોઈ સ્પષ્ટતા કરી નહી હોવાનું જણાવતા રાજ્યના ઊર્જા મંત્રી સૌરભ પટેલે આજે જણાવ્યું હતું કે, કોંગ્રેસે પાટીદારોને કઈ રીતે અનામત આપવામાં આવશે તેની પહેલાં સ્પષ્ટતા કરવી જોઈએ. રાજયના ઉર્જામંત્રીએ કોંગ્રેસ પર પ્રહારો કર્યા હતા અને પોતાની પ્રતિક્રિયા આપી હતી. ગાંધીનગર ખાતે આજે પત્રકારો સાથે વાતચીત કરતા રાજ્યના ઊર્જા મંત્રી સૌરભ પટેલે વધુમાં જણાવ્યું હતું કે સુપ્રીમ અને હાઈકોર્ટના આદેશ પ્રમાણે ૫૦ ટકાથી વધારે અનામત આપી શકાય તેમ નથી.ત્યારે કોંગ્રેસ પાટીદારોને કેવી રીતે કેટલી અનામત આપશે તેની સ્પષ્ટતા કરવી જોઈએ. કોંગ્રેસ બેવડી નીતિ અખત્યાર કરી રહી હોવાનું જણાવતા તેમણે પ્રહાર કર્યા કે, દિલ્હીમાં અન્ના હજારેના ઉપવાસ વખતે બાબા રામદેવ અને મહિલાઓ ઉપર અડધી રાત્રે લાઠીચાર્જ કરવામાં આવતા એક મહિલાનું મોત પણ નીપજ્યું હતું. જયારે કર્નાટક અને મહારાષ્ટ્રમાં કોંગ્રેસ સરકાર વખતે ગોળીબારમાં ખેડૂતોના સૌથી વધારે મોત નીપજ્યાં છે. ગુજરાતમાં સરકારે ખેડૂતો માટે ત્રણ વિભાગોમાં કુલ ૩૦ હજાર કરોડ રૂપિયાનું બજેટ ફાળવ્યું છે અને રાજ્ય સરકાર ધ્વારા ખેડૂતોની આવક વધારવા સતત પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. જેમાં અન્ય પાકની સાથે કપાસમાં ૨૫-૩૦ ટકા જેટલો એનએસપી વધારવામાં આવ્યો છે. કોંગ્રેસે ખેડૂતો માટે શું કર્યું તે અંગે ભૂતકાળ યાદ કરવો જોઈએ એમ જણાવતા તેમણે ઉમેર્યું કે, રાજ્ય સરકારે છેલ્લા ૧૦ વર્ષમાં સુજલામ સુફલામ અને નર્મદા યોજના સહીત અનેક નવી યોજનાઓ ખેડૂતો માટે કરી છે. તેમણે પાટીદાર સમાજ તેમજ પાસના આગેવાનો ધ્વારા રાજ્ય સરકાર સાથે મુલાકાત બાબતે કહ્યું કે, તે તેમનો આંતરિક મામલો છે.



### શિક્ષક દિને સંચાલકોનું સન્માન કરાયું

ખેડબ્રહ્મા ખાતે આજરોજ શિક્ષક દિનના પવિત્ર દિવસે ખેડબ્રહ્મા તાલુકામાં મિશન વિદ્યા અંતર્ગત ચાંપલપુર પ્રા. શાળામાં રાત્રી વર્ગો ચલાવવામાં આવેલ હતાં. જેના સંચાલકોનું સન્માન કરવામાં આવ્યું. ખેડબ્રહ્મા વહીવટીતંત્ર દ્વારા રાત્રી વર્ગ ચલાવનાર ચાંપલપુર પ્રા. શાળાના આચાર્ય ઓમપ્રકાશ લુહાર, સીઆરસી ગૌરાંગભાઈ અને પ્રકાશભાઈ તથા બીઆરપી જસ્મીનભાઈ અને કંદર્પભાઈને ખેડબ્રહ્મા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી અને બીઆરસીની સંયુક્ત સહીથી પ્રાંત અધિકારી કે.એસ. મોદી સાહેબના વરદ હસ્તે પ્રમાણપત્ર અર્પી સન્માનિત કરવામાં આવ્યા. મિશન વિદ્યામાં આપે આપની ફરજ ઉપરાંત વધારાની કામગીરી કરી શિક્ષક સમાજમાં એક ઉતકૃષ્ઠ ઉદાહરણ પૂરું પાડેલ છે.

## મુસાફરીથી વંચિત તલોદને રેલવેનું વધુ એક સાંસદ દ્વારા અન્યાય

તલોદ વેપાર વાણિજ્ય ક્ષેત્રે રાજ્યભરમાં એક આગવું સ્થાન ધરાવે છે. દેશભરમાં વેપાર પથરાયેલો હોવાથી તલોદની જનતાએ અનેક રજુઆતો એક્ષપ્રેસ રેલવે અંગે કરી હતી. જેથી દિલ્હી અને રાજસ્થાન જેવી મુસાફરી માટે અમદાવાદ સુધી પહોંચવું ન પડે. લોક માંગણીથી ખાશ બજેટમાં ફાળવણી કરી એક્ષપ્રેસ લાઈનનું છેલ્લા બે વર્ષથી કામ આરંભાયુ હતુ. હવે આ કામ પૂર્ણ થવાના આરે છે ત્યારે તેના રોકાણ અંગે સાંસદે પ્રાંતિજને પ્રાધાન્ય આપતા તલોદની જનતામાં ઠેર ઠેર આગ ભભુકી ઉઠી છે.

તલોદમાંથી એ ગ્રેડ ડેપો છીનવી લઈ પ્રાંતિજ મૂકી દેવામાં આવ્યો હતો. થોડાક સમય પછી ટેઝરી પણ ઉઠાવી લેવામાં આવી છે અને હવે તલોદની પ્રજા આતુરતાથી રાહ જોઈ રહેલી એક્ષપ્રેસ મુસાફરી માટે તેનું રોકાણ પણ રેલવે મંત્રાલયમાંથી બદલી ચાલુ સાંસદે પ્રાંતિજ લઈ જતા માદરેવતનની પસંદગીથી લોકોમાં દહેશત અને નારાજગી ફેલાઈ છે. તલોદની નેતાગીરી નબળી હોય એમ પ્રજામાં રોષ વ્યાપતા આ વખતે સાંસદ બદલવાના મુડમાં છે. કા તો ભાજપના આ ઉમેદવારને સારો પાઠ ભણાવવાના મૂડમા તલોદની પ્રજામાં ચર્ચાઈ રહ્યું છે.

પૂર્વ મુખ્મંત્રી શંકરસિંહ સમક્ષ નજીવા અભ્યાસ અને પૂર્વ ધારાસભ્ય અને સ્થાનિક ઉમેદવાર દિપસિંહ મૂકી દેતા સમગ્ર જિલ્લામાંથી તલોદ તાલુકાએ સારી લિડથી જીત અપાવી હતી. પરંતુ તલોદની જનતામાં આ જીત ઘણીજ મોંઘી પડી હોવાનું લોકો ગણાવી રહ્યા છે. સુવિધાઓ છીનવી લઈ તલોદના વેપાર સામ્રાજ્યમાં મોટો ફટકો પડ્યો છે જેથી નાના-મોટા ધંધાદારીઓ, ખેડૂતો, વિદ્યાર્થીઓ તેમજ આવનજાવન કરતા નોકરિયાત વર્ગ અને સ્થાનિક લોકોમાં સરકારના અનેક સુવિધાથી વંચિત રાખી માત્ર લોકલ ટ્રેનો જ ઉપયોગ કરવા સિવાય બિજો કોઈ વિકલ્પ નથી. એસ.ટી. પણ માત્ર ઘણી અને ગાઠી રાખી છે ત્યારે તલોદની પ્રજાએ હવે પ્રાતિજ રેલવે માટે બેસી રહેવા ટેવ પાડવી પડશે.



### કાંકરેજ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા કાંકરેજ મામલતદારને આવેદનપત્ર

કાંકરેજ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા ખેડૂતોના દેવા માફ કરો અને કેનાલોમાં પાણી બાબતે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. ખેતપેદાશોમાં પોસણક્ષમ ભાવ તેમજ ખેડૂતો માટે સરકાર તરફથી પ્રતિક્રિયા મળે તેવા ઉમદા હેતુ સાથે આજે કાંકરેજ તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ હેમુભાઈ જોષી, ડી. ડી. જાલેરા, દિનેશ ઠક્કર, ભૂપતાજી ઠાકોર, તાલુકા પંચાયત પ્રમુખ વર્ધિલાલ મકવાણા, બાંધકામ સમિતિના ચેરમેન ગોપાલસિંહ સોલંકી, સહિત અન્ય ખેડૂતો તેમજ કોંગ્રેસના હોદેદારોએ ભેગા મળીને કાંકરેજ મામલતદાર કચેરીમાં આવેદનપત્ર આપી ચીમકી આપી હતી. જો આ માંગણી નહીં સંતોષવામાં નહિ આવે તો ગાંધી ચીંધ્યા માર્ગે આગળ આંદોલન કરવામાં આવશે.

## હિંમતનગર હેડક્વાર્ટર્સમાં પોલીસકર્મી મહિલાની છેડતીનો પ્રયાસ કરાતા ફરીયાદ

હિંમતનગરના પોલીસ હેડક્વાર્ટસમાં રહેતી એક અનુસૂચિત જનજાતિની મહીલા પોલીસ કર્મીની એક કર્મચારીએ અઠવાડીયા અગાઉ છેડતી કરવાનો પ્રયાસ કરી આબરૂ લેવાના પ્રયાસ બદલ આ કર્મચારી વિરૂદ્ધ મંગળવારે હિંમતનગર બી. ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવા પામી હતી.

હેડક્વાર્ટર્સના બ્લોક નં. ૧૧ના રૂમ નં. એ-૨માં રહેતા પ્રિયંકાબેન વિક્રમભાઈ નિનામાએ નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ તેણી ગત તા. ૧ સપ્ટેમ્બરના રોજ પોતાની રૂમમાં હતા ત્યારે એ.ડીવીજન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ જીતેન્દ્રસિંહ લક્ષ્મણસિંહે પ્રિયંકાબેન અનુસૂચિત જનજાતિના હોવાનું જાણવા હોવા છતા તેણીના રૂમમાં જઈને દુષ્કર્મ કરવાનો પ્રયાસ કરીને છેડતી કરતા આ મહીલા પોલીસ કર્મી નારાજ થઈ ગયા હતા.

### મુનાસણમાં નંદ મહોત્સવ ઉજવાયો

હિંમતનગર તાલુકાના મુનાસણ ગામે તાજેતરમાં નંદ મહોત્સવની શ્રવણ સુખધામ પંચવટી ખાતે કરવામાં આવી હતી. તે નિમિત્તે નાટક અકાદમીના ઉપક્રમે લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લોકવારસાના જતન અર્થે નિરવ કલાવૃંદના નટુભાઈ બારોટ તથા અન્ય કલાકારોએ કૃષ્ણલીલા તેમજ ભજન અને લોકગીત રજુ કર્યા હતા.

### ભરતી કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટનો પ્રશ્ન હલ કરવા માટે વિદ્યાસહાયકો ની ભરતી કરવાનો નિર્ણય લેવાયો છે. ત્યારે હાલ ગાંધીનગર જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિવિધ વિષય શિક્ષકોની ઘટ અંગેની યાદી તૈયાર કરી સુપ્રત કરવા માટે આચાર્યોને જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા સુચના આપી દેવામાં આવી છે. શિક્ષણ વિભાગના નિયમ મુજબ માધ્યમિક શાળામાં એક વર્ગ દિઠ દોઢ શિક્ષક જયારે ઉચ્ચતર માધ્યમિક શાળામાં નિયમને અનુરૂપ ૨.૫ શિક્ષકોની અનિવાર્યતા હોય છે. જેને અનુલક્ષી જિલ્લાની શાળાઓમાં જુદા જુદા શિક્ષકોની ઘટનો તાગ મેળવી આગામી દિવસોમાં ભરતીને અનુલક્ષી આગળની કાર્યવાહી હાથ ધરાશે. શાળાઓમાં કાયમી શિક્ષકોની ભરતી થઈ ગયા બાદ જિલ્લામાં પ્રવાસી શિક્ષકોને નિમણુંક આપવાની પ્રકીયાનો પણ અંત આવશે તેમ મનાઈ રહ્યુ છે.

### ઘેરાવ કરશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધાનાણી, સેવાદળના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજીભાઈ દેસાઈ, પૂર્વ સાંસદ જગદીશભાઈ ઠાકોર, ડો. કરસનદાસ સોનેરી, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, ધારાસભ્યો સર્વ બળદેવજી ઠાકોર, ડો. સી.જે.ચાવડા, સુરેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ મંગૂબેન ચૌધરી, પ્રદેશ મહામંત્રી નિશિતભાઈ વ્યાસ, પ્રદેશ પ્રવકતા હિમાંશુ પટેલ, જશુભા રાણા, ગાંધીનગર શહેર કોંગ્રેસ પ્રમુખ ડો. કૌશિકભાઈ શાહ, ગાંધીનગર મહાનગર પાલિકા વિરોધ પક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, પૂર્વ ધારાસભ્યો સર્વ બાબુજી ઠાકોર તથા કામિનીબા રાઠોડ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ધરણાંના કાર્યક્રમને અંતે ગાંધીનગર જિલ્લા તેમજ ગાંધીનગર શહેરના આગેવાનોએ સાથે મળી ગાંધીનગર જિલ્લા કલેક્ટરને ખેડૂતોના દેવા માફી સહિતની સમસ્યાઓ અંગે આવેદન પત્ર સુપ્રત કર્યું હતું. આ પ્રસંગે સમગ્ર ગાંધીનગર જિલ્લામાંથી તેમજ ગાંધીનગર, કલોલ, માણસા, દહેગામ તથા પેથાપુર ખાતેથી ખુબજ મોટી સંખ્યામાં કોંગ્રેસનાં કાર્યકર્તાઓ-આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા તેવું ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ તેમજ ગાંધીનગર શહેર કોંગ્રેસની સંયુક્ત અખબારી યાદીમાં મહામંત્રી વિષ્ણુભાઈ પટેલ તથા અશ્વિનભાઈ દવેએ જણાવ્યુ છે.

### શ્રેષ્ઠ શિક્ષકોને

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

*માનવીના જીવનમાં અમૂલ્ય પરિવર્તન આવે છે. વિશ્વના મહાન માનવીઓના જીવન ઘડતરમાં શિક્ષકોનું યોગદાન નોંધપાત્ર રહ્યું છે. રાષ્ટ્ર નિર્માણ અને બાળકોના સંસ્કારોના સિંચન સાથે જીવન ઘડતરની અગત્યની જવાબદારી શિક્ષકોના શીરે છે. દરેક દેશ માટે શિક્ષક અને સૈનિક સજ્જ હોવો જોઈએ. મંત્રીએ જણાવ્યું હતું કે, સમાજના દૂષણો દુર થાય અને તંદુરસ્ત સમાજ ઘડતરનું નિર્માણ થાય તે માટે રાજય સરકારે જ્ઞાનકુંજ પ્રોજેકટ અને શાળા પ્રવેશોત્સવના માધ્યમથી રાજયના અંતરિયાળ વિસ્તારોમાં શિક્ષણનો વ્યાપ વધાર્યો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સ્વચ્છ ભારત અભિયાનમાં શિક્ષકો અને શૈક્ષણિક સંસ્થાઓ ભાગીદાર બની છે, તે પ્રશંસનીય છે.*

*જિલ્લા કલેકટર એસ.કે. લાંગાએ જણાવ્યું હતું કે, શિક્ષણ એ વ્યવસાય નથી પરંતુ પવિત્ર કર્તવ્ય છે. ભાવિપેઢીના ઘડતર માટે શિક્ષકો પવિત્ર વ્યવસાયમાં શ્રેષ્ઠ ભૂમિકા અદા કરી બાળકોને ગુણવત્તા યુક્ત શિક્ષણ આપી ઉણપો દૂર કરવા જણાવ્યું હતું.*

*આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા તાલુકાના શ્રેષ્ઠ શિક્ષકો અને સ્વચ્છ વિદ્યાલય પુરસ્કારનું મંત્રી ગણપતસિંહ વસાવા, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર પ્રવિણભાઈ પટેલ, જિલ્લા કલેકટર એસ.કે. લાંગા, જિલ્લા વિકાસ અધિકારી હિતેષ કોયા દ્વારા રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્રો એનાયત કરીને સન્માન કરાવવામાં આવ્યું હતું.*

*જિલ્લા વિકાસ અધિકારી હિતેષ કોયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. આ પ્રસંગે સંતરામપુરના ધારાસભ્ય કુબેરભાઈ ડીંડોડ, જિલ્લા શિક્ષણાધિકારી એસ.એમ. બારડ, વેદ ઈન્ટરનેશનલ સ્કુલના ટ્રસ્ટી બાબુભાઈ પટેલ સહિત વિશાળ સંખ્યામાં શિક્ષકો અને શાળા સંચાલકો ઉપસ્થિત રહ્યાં હતાં.*

### પુરની સ્થિતિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગોઠવાયેલી છે. ૧૦ નદીઓમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર છે. ૨૬ જિલ્લાઓમાં ૧૭ જુદી જુદી કંપનીઓની ટુકડીઓ રાહત કામગીરી માટે રોકાઈ છે. રાજ્યમાં વરસાદ અને વીજળી પડવા સાથે સંબંધિત બનાવોમાં હજુ સુધી ૨૨૫થી વધારે લોકોના મોત થઈ ચુક્યા છે. હવામાન વિભાગે આગાહી કરતા કહ્યુ છે કે આ વખતે વધુ ૧૦ દિવસ સુધી મોનસુન સક્રિય રહી શકે છે. આંકડા મુજબ આ વખતે ઉત્તરપ્રદેશમાં ૨૩થી ૨૯ ઓગષ્ટ વચ્ચે ભારે વરસાદ થયો છે. હજુ વરસાદના કારણે પરેશાની વધી શકે છે. પહાડી વિસ્તારમાં ભારે વરસાદના કારણે ગંગા, ઘાઘરા અને રાપ્તી જેવી નદીઓમાં પાણીની સપાટીમાં વધારો થયો છે. પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર પહોંચી ચુકી છે. કેરળ બાદ હવે ઉત્તરપ્રદેશમાં હાલત કફોડી બનેલી છે. ઉત્તરપ્રદેશમાં ભારે વરસાદની સાથે સાથે ઉત્તરાખંડમાં પણ ભારે વરસાદ થઈ રહ્યો છે. મોનસુનના પરિણામ સ્વરુપે દેશના કેટલાક ભાગોમાં પુર જેવી સ્થિતિ સર્જાયેલી છે. ઉત્તરપ્રદેશમાં જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. ઉત્તરપ્રદેશમાં હાલત ખુબ જ કફોડી બનેલી છે. વરસાદના પરિણામ સ્વરુપે અનેક જિલ્લાઓમાં કાચા મકાનો ધરાશાયી થઈ ગયા છે. ગુરુવારથી સતત ધોધમાર વરસાદ પડી રહ્યો છે જેના પરિણામ સ્વરુપે મોટાભાગની નદીઓમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર પહોંચી ગઈ છે. પુરના કારણે કેટલાક જિલ્લામાં હાલત કફોડી બનેલી છે. ગામોને ખાલી કરાવવામાં આવી રહ્યા છે. હજારો લોકોને સુરક્ષિત સ્થળો ઉપર જતાં રહેવાની ફરજ પડી છે.

### બુલેટ ટ્રેન

● અનુસંધાન પહેલાનું ચાલુ

*જેમાં જાપાની કંપનીઓ ભારતમાં બુલેટ ટ્રેન એસેમ્બલી યુનિટો સ્થાપિત કરવા માટે ભાગ લેશે. જેમાં ડિઝાઈનરો પોતાની કુશળતા રજુ કરશે. ભારતમાં પ્રથમ બુલેટ ટ્રેન સુરતથી બિલીમોરા વચ્ચે ૨૦૨૨માં દોડતી કરવાની યોજના છે. ૨૦૨૩ સુધી ૫૦૮ કિલોમીટરના સંપૂર્ણ કોરીડોર પર ટ્રેન દોડતી થશે. ૧૫ મિનિટમાં આ ટ્રેન ૫૦ કિલોમીટરના પટ્ટા પર દોડશે. મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર ૧૫મી ઓગસ્ટ ૨૦૨૨ સુધી પ્રથમ બુલેટ ટ્રેન દોડાવવાની યોજના ધરાવે છે. જાપાનમાં સીનકાસેન ટ્રેનને સૌથી મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. આ ટ્રેનની સિસ્ટમ હાઈસ્પીડ ટ્રેન પૈકીની વિશ્વસની પ્રથમ સિસ્ટમ છે. આ ટ્રેન ખૂબ શાનદાર રેકોર્ડ પણ ધરાવે છે. ૫૦ વર્ષના ઈતિહાસમાં વારંવારના ભૂકંપ છતાં જીરો પેસેન્જર ફેટાલિટી અકસ્માત થયા છે. આટલી જ અસરકારતા સાથે ભારતમાં જાપાન આ ટેકનોલોજીને આગળ વધારવા ઈચ્છુક છે. વડોદરામાં હાઈ સ્પીડ ટ્રેનિંગ ઈન્સ્ટીટ્યુટનું નિર્માણ પણ કરવામાં આવનાર છે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટના અખંડ ભાગ તરીકે આ પ્રોજેક્ટ રહેશે. ૬ અબજ ડોલરના આ ઈન્સ્ટીટ્યુટ નિર્માણનો પ્રોજેક્ટ મહત્વપૂર્ણ છે કારણ કે જાપાની સરકાર સાથે સમજૂતી પણ થઈ ચુકી છે. સિસ્ટમને અસરકારક રીતે ચલાવવા કુશળ મેન પાવરની જરૂર હશે. ૨૦૨૩ સુધી પુરતી કુશળતા સાથે ૩૫૦૦ કર્મચારીઓને તૈયાર કરવા પડશે. જાણકાર લોકોનું કહેવું છે કે બુલેટ ટ્રેન પ્રોજેક્ટના હાર્ટમાં અમદાવાદ-મુંબઈ હાઈસ્પીડ પ્રોજેક્ટ છે. જાપાની સરકાર મોટાભાગે ફન્ડીંગ આપી રહી છે. તેમની ટેકનોલોજી પણ તેમને આપી રહી છે. જાપાની ટ્રેનરો આવશે અને બુલેટ ટ્રેન કઈ રીતે ચલાવવી તે અંગે ટ્રેનિંગ આપશે.*

### ખેડૂતોની ચીમકી

● અનુસંધાન પહેલાનું ચાલુ

કે આ સરકાર સત્તામાંથી દૂર થઈ જાય. આમ થવાથી ભારત બહેતર બની શકશે. તેમણે કહ્યુ છે કે આગામી સપ્તાહે તેઓ એક દેશવ્યાપી આંદોલનનું એલાન કરશે. યેચુરીએ કહ્યુ છે કે જેટલા નાણાં જાહેરાતો પાછળ વેડફાય છે.. તેટલા નાણાં ખેડૂતો પર ખર્ચ કરવામાં આવત.. તો આવી પરિસ્થિતિ ઉભી થાત નહીં.

આ પ્રદર્શનની આગેવાની ઓલ ઈન્ડિયા ખેડૂત મહાસભા દ્વારા કરવામાં આવી રહી છે. વામપંથી સંગઠન અખિલ ભારતીય કિસાન મહાસભા અને સીટૂના નેતૃત્વ હેઠળ લાખોની સંખ્યામાં ખેડૂતો અને મજૂરો દિલ્હીના રામલીલા મેદાન પર મજૂર-ખેડૂત રેલીમાં જોડાયા હતા. આ મહારેલી પહેલા સીટૂ અને અખિલ ભારતીય કિસાન સભા તરફથી પોતાની માંગોનો દર્શાવતા હોડિંગ્સ લગાવામાં આવ્યા હતા. જેમાં બીજેપી કેંદ્ર સરકાર પર સાંપ્રદાયિક અને ખેડૂત-મજૂર વિરોધી હોવાના આરોપ લગાવતા સામાન્ય પ્રજાને તેમના સમર્થનમાં આવવાની અપીલ કરી હતી.

### સ્થિતિ સારી કરવા

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવેલ ટિપ્પણીની જમ્મુ-કાશ્મીર પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (પીડીપી)એ ઘોર નિંદા કરી છે. પાર્ટીએ કહ્યું કે, રાજ્યપાલ એસપી મલિક આ ખાતરી કરે કે પ્રદેશ નિષ્પક્ષતા અને મજબૂતી સાથે પોતાનો પક્ષ મુકે. ખરેખર, એડિશનલ સોલિસિટર જનરલ (છજીય) તુષાર મહેતા સુપ્રીમ કોર્ટમાં જમ્મુ-કાશ્મીરમાં પોતાનો પક્ષ મૂકી રહ્યા છે. ગત અઠવાડિયે કોર્ટમાં મહેતાએ જે વલણ અપનાવ્યું હતું, મીર તેના પર પ્રતિક્રિયા આપી રહ્યા હતાં. સૂનાવણી દરમિયાન અનુચ્છેદ ૩૫-એ અને કેટલાક અન્ય પહેલુંઓ પર ચર્ચાની આવશ્યક્તાની દલિલોથી સહેમતી દર્શાવતા એએસજીએ કહ્યું,'એ વાતથી ઈક્કાર કરી શકાય તેમ નથી કે આમા (અનુચ્છેદ ૩૫-એમાં) લૈગિંક ભેદભાવના પાસા સામેલ છે.

### મનના ઉમંગો

● ચોથા પાનાનું ચાલું

આવો જ બીજો પ્રસંગ છાપું બંધ થાય છે ત્યારે થાય છે.

પંદરમી ઓગષ્ટ, છવ્વીસમી જાન્યુઆરી, દિવાળી, જન્માષ્ટમી જેવા મોટા તહેવારોના દિવસે છાપાવાળા રજા પાડે છે. જેમની સવાર જ છાપુ હાથમાં લીધા પછી ઉગે છે તેવા છાપારસિયાઓ ને આ રજા બહુ ભારે પડે છે. છાપાં વાંચવાની રજા. રોજ તો જેવો ફેરિયો આંગણામાં છાપાનું ગુંડલું ફેંકે કે તરત એના અવાજ સાંભળી પથારીનો ત્યાગ કરવામાં આવે અને બહાર આવી છાપુ હાથમાં લઈ લેવામાં આવે.ઘણી વાર બરાબરની ભૂખ લાગી હોય, પત્નિ જલ્દી નહાવા જવાની બૂમ પાડતી હોય, ટપુડો એના મોંજા શોધવાની વિનંતી કરતો હોય, તો યે પહેલા છાપું વાંચવાનું શરૂ થાય.. ચા બને ત્યારે વાંચવામાં થોડોક વિરામ પડે.પણ અંક બંધ હોય તે દિવસે આ બધી પ્રક્રિયાઓમાં રુકાવટ આવી જાય. ખરેખર તો છાપાને લીધે થતી રુકાવટ દૂર થાય. આપણે નામને બાથરૂમમા નહાવા ઘુસવું પડે.ટપુડાને મોંજા ય શોધી આપવા પડે.બહાર જોઈએ ત્યારે આંગણું છાપા વગર સૂનું સૂનું લાગે છે. જેટલા શબ્દો આપણે ઘરના સભ્યો સાથે કે મિત્રો સાથે નહીં બોલતાં હોઈએ તેના કરતાં વધુ શબ્દોની આપલે આપણે વર્તમાનપત્ર સાથે કરતા હોઈશું. આમ તો મેં આપલે શબ્દ લખતા લખી દીધો પણ વિચાર કરતાં લાગે છે આપણે સમાચારપત્રો પાસેથી ફક્ત શબ્દો લેવાનું જ કામ કરીએ છીએ.આપતાં કશું નથી. જો કે અમારા જેવા કટારિયા થોડાક શબ્દો અખબારોને આપતા રહીએ છીએ. આ વાત એમની છે કે જેઓ પૂરો એક કલાક છાપાના પાનાઓ ફેરવતા ફેરવતા પસાર કરે છે. બાકી ઘણા તો મોટા મોટા મથાળાં વાંચી લઈ બે મિનિટમાં છાપું બાજુમાં મૂકી દે છે.એમને આવી કશી મુશ્કેલી અનુભવાતી નથી.

આપણને દરરોજ દરિયાપારના સમાચારો જણાવતા અને અઢળક વાચન સામગ્રી પીરસતાં વર્તમાનપત્રોના કર્મચારીભાઈઓને ય એક દહાડો રજા મળવી જોઈએ એ બાબતે રજાપ્રેમી સરકારી કર્મચારીઓ અસંમત શેના થાય ?